**નિયામક વિદ્યાર્થી કલ્યાણની કચેરી**
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી-૩૯૬૪૫૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY

150 YEARS OF CELEBRATING THE MAHATMA

વંચાણે: નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત (કેસીજી), અમદાવાદના પત્ર ક્રમાંક કેસીજી/૨૦૨૦-૨૧/૨૦૬, તા.૦૬/૦૬/૨૦૨૦

# ઇ-પરિપત્ર

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીઓમાં પી.એચડી. ડિગ્રીનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આર્થિક સહાય પુરી પાડવા માટે "શોધ" **(Scheme Of Developing High quality research)** યોજના શરૂ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત સ્કૃટીની કમિટી દ્વારા મંજુર કરવામાં આવેલ શોધ યોજનાના લાભાર્થી વિદ્યાર્થીઓની જાહેરાત અને સ્ટાઇપેંડ વિતરણ માટે તા.૦૯/૦૬/૨૦૨૦ને મંગળવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે માન. મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં વેબીનારનુ આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં વિવિધ ફેકલ્ટી ડીન, તમામ વિભાગોના અધ્યક્ષ અને ફેકલ્ટી મેમ્બર્સ, શોધ યોજનાના નોડલ ઓફિસર, તમામ પી.એચ.ડી. માર્ગદર્શકોને આ સાથે જોડેલ પત્રમાં દર્શાવેલ મીટીંગ લિંકની મદદથી ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં, વિવિધ વિષયોમાં પી.એચડી. કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ફેસબુક લિંકની મદદથી આ કાર્યક્રમમાં જોડાવા માટે જણાવવામાં આવે છે.

જા.નં.નકૃયુ/નિવિક/ટે-૭/ **૧૨૩૦** /૨૦૨૦
તા.૦૬/૦૬/૨૦૨૦

**નિયામક**
**વિદ્યાર્થી કલ્યાણ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

# Knowledge Consortium of Gujarat

Department of Education, Government of Gujarat

નં. કેસીજી/૨૦૨૦-૨૧/206
તા. ૦૬/૦૬/૨૦૨૦

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી,
તમામ યુનિવર્સિટી,
ગુજરાત રાજ્ય

વિષય: શોધ યોજનાના લાભાર્થી વિદ્યાર્થીઓની જાહેરાત અને સ્ટાઈપેંડ વિતરણ કાર્યક્રમ બાબતે

સ્નેહીશ્રી,

શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીમાં રહેલી સંશોધનની ક્ષમતાને વિકસાવવા તથા સંશોધન માટે પ્રોત્સાહન પૂરૂ પાડવા માટે રાજ્યની માન્ય યુનિવર્સિટીઓમાં પી.એચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પૈકી ગુણવત્તાયુક્ત સંશોધન કરનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવા SHODH (ScHeme Of Developing High quality research) યોજના શરૂ કરવામાં આવેલ છે. આ માટે શિક્ષણ વિભાગ દ્વારા તા. ૦૫-૦૮-૨૦૧૯નો ઠરાવ ક્રમાંક બજટ/૨૦૧૯/ન.બા.૬૪૭/ખ-૧ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જે વિદ્યાર્થીઓએ ગુજરાત રાજ્યની માન્ય સરકારી, સેક્ટોરલ અથવા ખાનગી યુનિવર્સિટી અથવા રીસર્ચ સંસ્થા ખાતે પી.એચ.ડી. કોર્સમાં રેગ્યુલર ફુલ ટાઈમ મોડમાં તા. ૦૧/૦૭/૨૦૧૮ પછી પ્રવેશ મેળવેલ હોય અને ઠરાવની અન્ય શરતો સંતોષતા વિદ્યાર્થીઓ આ યોજના અંતર્ગત લાભ મેળવવા અરજી કરી શકે છે. આ યોજના અંતર્ગત ગુણવત્તાયુક્ત સંશોધન કરનાર વિદ્યાર્થીને માસિક રૂ. ૧૫,૦૦૦ નું સ્ટાઈપેંડ અને અન્ય આનુષંગિક ખર્ચ પેટે રૂ. ૨૦,૦૦૦ ની વાર્ષિક સહાય મહત્તમ બે વર્ષ સુધી સરકાર દ્વારા આપવામાં આવે છે.

આ યોજના અંતર્ગત સ્ક્રુટીની કમિટી દ્વારા મંજુર કરવામાં આવેલ શોધ યોજનાના લાભાર્થી વિદ્યાર્થીઓની જાહેરાત અને સ્ટાઈપેંડ વિતરણ માટે તા. ૦૯-૦૬-૨૦૨૦ સવારે ૧૧.૦૦ કલાકે માન. મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં વેબિનારનું આયોજન કરવામાં આવેલ છે. આ માટેના વેબીનારમાં જોડવા માટેની લીંક નીચે મુજબ છે.

**Meeting link:**

https://gog.webex.com/gog/j.php?MTID=mdea6cecbda16968996150397344 34860

Meeting number: 166 280 0589 Password: MpuuTcas275

વધુમાં, આ કાર્યક્રમમાં આપ ઉપરાંત વિવિધ ફેકલ્ટી ડીન, તમામ વિભાગોના અધ્યક્ષ અને ફેકલ્ટી મેમ્બર્સ, શોધ યોજનાના નોડલ ઓફિસર, તમામ પી.એચ.ડી. ગાઈડ ઉપર દર્શાવેલ લીંકની મદદથી ખાસ ઉપસ્થિત રહે તે જોવા વિનંતી છે. ઉપરાંત, આપના વિવિધ વિભાગોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ નીચેની ફેસબુક લીંકની મદદથી ઉક્ત કાર્યક્રમમાં અચૂક ઉપસ્થિત રહે તે જોવા વિનંતી છે.

FB Link : https://www.facebook.com/Knowledge-Consortium-of-Gujarat-245619182147664

FB live link : www.facebook.com/ihubgujarat/live

ઉપરાંત આપની યુનિવર્સિટીના સાથે સંલગ્ન તમામ કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓના આચાર્ય, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ આ વેબિનારમાં ઉક્ત ફેસબુક લીંકની મદદથી ભાગ લે તેવી સુચના કોલેજોને આપવા વિનંતી છે. જેથી આગામી સમયમાં સંશોધન કરવા ઈચ્છુક તમામ વિદ્યાર્થીઓને આ યોજનાની માહિતી મળી રહે અને ગુણવત્તાયુક્ત સંશોધન માટે પ્રેરણા મળી રહે.

આભાર સહ,

ખાસ ફરજ પરના અધિકારી
(એકાઉન્ટ & એડમીન)
કેસીજી, અમદાવાદ

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ., નવસારી
ઈ.નં. 2506
06 JUN 2020
એડીએમ-૩ શાખા

ઈનવર્ડ નંબર 926
તારીખ 9/6/2020